# ધી નવાનગર કો–ઓપરેટીવ બેંક લી.

## આર.બી.આઈ.ની ધિરાણ રી–સ્ટ્રકચરીંગ યોજના હેઠળ
## એમ.એસ.એમ.ઈ. માટે ધિરાણ રી–સ્ટ્રકચરીંગ પોલીસી

1. આ પોલીસી નીચે ફક્ત એમ.એસ.એમ.ઈ. યુનીટો કે જે તા. ૩૧/૦૩/૨૦૨૧ના રોજ ભારત સરકારના ગેઝેટ નોટીફીકેશન S.O. 2119(E) તા. ૨૬.૦૬.૨૦૨૦ મુજબ માઈક્રો, સ્મોલ કે મીડીયમ એન્ટરપ્રાઈઝ (એમ.એસ.એમ.ઈ.) તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ હશે તો જ સમાવેશ થઈ શકશે.
2. તા. ૩૧/૦૩/૨૦૨૧ની સ્થિતિએ જી.એસ.ટી. રજીસ્ટ્રેશનમાંથી મુક્તી પામેલા હોય તે સિવાયના કિસ્સામાં યુનીટ રી–સ્ટ્રકચરીંગની અમલવારીના દિવસે જી.એસ.ટી. નીચે રજીસ્ટર્ડ થયેલું હોવું જોઈએ.
3. ખાતેદારનું તમામ લેન્ડીંગ ઈન્સ્ટીટયુશનમાં થઈને કુલ એક્સપોઝર રૂા. ૫૦ કરોડથી વધું ન હોવું જોઈએ.
4. ખાતેદારનું એકાઉન્ટ આ પહેલાની આર.બી.આઈ.એ ઈશ્યુ કરેલી રી–સ્ટ્રક્ચર્ડ યોજના હેઠળ રી–સ્ટ્રક્ચર્ડ થયેલું ન હોવું જોઈએ.
5. તા. ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ ખાતું સ્ટાન્ડર્ડ એસેટ્સ તરીકે વર્ગીકૃત થયેલું હોવું જોઈએ.
6. આ યોજના નીચે ખાતેદારે તા. ૩૦/૦૯/૨૦૨૧ પહેલા અરજી કરી દેવી પડશે. અને અરજી મળ્યાના દિવસ ૩૦ માં ખાતેદારને તેનુ ખાતુ રી–સ્ટ્રક્ચર કરવા અંગેનો નિર્ણય લેખીતમાં આપી દેવાનો રહેશે.
7. આ રીતે ખાતેદારનું ખાતું ૯૦ દિવસની અંદર (બેંકે મંજુર કરેલ રી–સ્ટ્રક્ચર પ્લાનની તારીખથી) રી–સ્ટ્રક્ચર પ્લાનનો અમલ થવો જોઈએ.
8. ખાતેદારનું યુનીટ ઉદ્યમ રજીસ્ટ્રેશન પોર્ટલ અન્વયે એમ.એસ.એમ.ઈ. તરીકે રજીસ્ટર્ડ હોવું જોઈએ, જો રજીસ્ટ્રેશન ન હોય તો રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવી.
9. જે ખાતેદારનું ખાતું રી–સ્ટ્રક્ચર કરવામાં આવે ત્યારે ખાતેદારના ખાતમાં બાકી રહેલ રકમ ઉપર ૧૦% લેખે બેંકે પ્રોવીઝનની રકમ અલગથી રાખવી પડશે.
10. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના પરિપત્ર DoR.NO.BP.BC/4/21.04.48/2020-21 તા. ૦૬/૦૮/૨૦૨૦ માં દર્શાવેલ તમામ શરતો પણ લાગું પડશે.
11. આ યોજના અંર્તગત આપણે નીચે મુજબની રીતે ધિરાણ રી–સ્ટ્રક્ચર કરી શકીએ છીએ.
    1. કાર્યશીલ મુડી માટે આપેલ ધિરાણના વ્યાજનું ઓછી મુદતની (૬ માસથી ૧ વર્ષ) ટર્મલોનમાં રૂપાંતર આ રીતે રૂપાંતરીત ટર્મલોન છ મહિનાના મોરેટોરીયમ બાદ છ માસીક હપ્તાથી રીપેમેન્ટ કરવાનું રહેશે. મોરેટોરીયમ દરમ્યાન નવી ટર્મલોનનું વ્યાજ અલગથી ભરવાનું રહેશે.
    2. ટર્મલોન લોનના કિસ્સામાં વધુમાં વધું બે વર્ષ સુધીનો (મુદલ પરત ચૂકવણીનો) મોરેટોરીયમ આપી શકાશે.(મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન દર માસે વ્યાજ જેટલી રકમ જ ચૂકવવાની રહેશે.)
    3. ટર્મલોન લોનના કિસ્સામાં વધુમાં વધું બે વર્ષ સુધીનો લોનના સમયગાળામાં વધારો (મોરેટોરીયમના વિકલ્પમાં) કરીને લોનના હપ્તાં તે મુજબ નાના કરી શકાશે.
    4. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મંજુરીથી કોલેટરોલ સિક્યોરીટીની પર્યાપ્તતા ધ્યાને લઈને સ્ટોક માર્જીન ઘટાડીને લીમીટમાં વધારો આપી શકાશે.
12. આ યોજના તા. ૩૦.૦૯.૨૦૨૧ સુધી આવતી અરજીઓ માટે લાગુ કરી શકાશે. ત્યારબાદ આર.બી.આઈ. દ્વારા

મુદત વધારવામાં આવે તો બોર્ડની મંજુરીથી સમયગાળો લંબાવી શકાય.

13.આર.બી.આઈ.એ ઈશ્યુ કરેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

1. આ માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ, એગ્રીમેન્ટ્સ વગેરે ખાતેદારે એક્ઝીક્યુટ કરવાના રહેશે અને વધારાની લીમીટ માટે કોલેટરોલ સિક્યોરીટી આપવાની રહેશે.
2. ધિરાણની શરતોમાં ઉપરોક્ત સ્કીમ નીચે જે ફેરફારોને મંજુરી આપેલ હશે તે પ્રમાણે બેંકની સી.બી.એસ. સીસ્ટમમાં જરૂરી ફેરફાર કરવાના રહેશે.
3. હવે પછી જે શરતો નક્કિ કરવામાં આવે તે મુજબ ખાતેદાર ડિફોલ્ટ રહેતો ન હોવો જોઈએ.

14.આ યોજના અંતર્ગત તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૩૧/૦૮/૨૦૨૧ દરમ્યાન કોઈપણ ખાતું એન.પી.એ. તરીકે વર્ગીકૃત થયેલ હોય તો તેવા ખાતાઓને આ સ્કીમનો અમલ કર્યાબાદ પી.એ. તરીકે અપગ્રેડ કરી શકાશે.

15.આર.બી.આઈ.એ ઈશ્યુ કરેલ એમ.એસ.એમ.ઈ. રી–સ્ટ્રક્ચરીંગ પરીપત્રો મુજબ કોઈપણ એકાઉન્ટ રન્સ્ટ્રિક્ચર્ડ થયેલ હશે તેવા ખાતાઓને બેંક એકવાર મંજુર કરેલ શરતોમાં કાર્યશીલ મૂડી માટેના ધિરાણમાં વધારો કરી શકે અને/અથવા ડ્રોઈંગ પાવરમાં કાર્યશીલ મૂડીના સયકલ મુજબ વધારો, માર્જીનમાં ઘટાડો કરી શકાશે. આ મુજબ કરેલ ફેરફારને રી–સ્ટ્રક્ચર ગણવામાં આવશે નહિં

16.ઉપર મુજબ કરવામાં આવેલ ફેરફારને દર ૬ માસે રીવ્યું તથા દર વરસે રીન્યુઅલ / રી–એસેસમેન્ટ કરવાનું રહેશે. જેમાં જે તે સમયે પ્રર્વતમાન આર્થિક ધારા ધોરણ મુજબ લીમીટને મોડયુલેટ કરવી પડશે.

17.આ પોલીસી આર.બી.આઈ.ની ગાઈડલાઈન્સ ને આધારે તૈયાર કરવામાં આવી છે. તેમાં આર.બી.આઈ.ની હવે પછી જારી કરવામાં આવતી સૂચના મુજબ જરૂરી ફેરફારો કરવાના રહેશે.

સ્થળ : જામનગર (એ. એન કપાસી)
તારીખ : ૨૮/૦૬/૨૦૨૧ મુખ્ય કાર્યકારી અધિકારી

તા. ૧૫/૦૯/૨૦૨૧ ના રોજની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગમાં ઠરાવ નં ૧૯ થી ઉપરોક્ત પોલીસીને બહાલી આપવામાં આવે છે.